
# આધ્યાત્મ કોઈ અનુભવ નથી



એક મિત્ર મારી પાસે આવ્યા તે વૃદ્ધ હતા અને રડી રહ્યા હતા, ખૂબ જ ભાવથી ભરેલા હતા, રડીને કહી રહ્યા હતા કે મારી કુંડલિની હજી જાગી નથી. વીસ વર્ષોથી ભટકી રહ્યો છું. ન જાણે કેટલા આશ્રમ, કેટલા ગુરુઓ, કેટલી સાધનાઓ કરી ચૂક્યો છું, પરંતુ કુંડલિની હજી જાગી નથી. તેમના ભાવમાં કોઈ ત્રુટિ નથી. એમની શોધમાં કોઈ ખોટ નથી પણ એમની મૌલિક દૃષ્ટિમાં ભ્રમ છે. તેઓ કુંડલિનીને એવી રીતે શોધી રહ્યા છે જેવી રીતે કોઇ ધનને શોધી રહ્યું હોય અને ન મળે તો રડે. નથી મળતુ તો હેરાન થાય, પીડાય, સંતપ્ત થાય. કુંડલિની એમનો લોભ બની ગઇ છે અને ધ્યાન રાખો કે : આંતરિક યાત્રાની આ સૌથી મોટી મુશ્કેલી છે કે લોભ દ્વારા ત્યાં કોઇનો પ્રવેશ થશે નહીં. ત્યાં તૃપ્તિ દ્વારા જ પ્રવેશ છે.

જે નથી મળ્યું તેની ચિંતા છોડો, જે મળ્યું છે તેનો અનુગ્રહ માનો અને પ્રવેશ વધતો જશે, હેરાન થવાથી કુંડલિની જાગૃત થવાની નથી, હેરાન થવાના કારણે જ તે રોકાયેલી છે, વીસ વર્ષની શોધ પછી પણ તે નથી મળી એવું નથી. વીસ વર્ષની શોધને કારણે જ તે રોકાયેલી છે એ જે તણાવ છે પામવા માટેનો એના લીધે જ અંદર બધું સંકોચાઇ ગયું છે. જ્યાં પામવા માટેનો તણાવ રહેશે ત્યાં આપણે સંસારમાં છીએ. આ પામવાની દોડ જ સંસાર છે અને કંઇ ન પામવા માટે રાજી થઇ જવું એ જ સંસારથી પર થઇ જવું છે. એક વ્યક્તિ ધન માટે દોડી રહ્યો છે, એક વ્યક્તિ પદ માટે દોડી રહ્યો છે, એક વ્યક્તિ યશ માટે દોડી રહ્યો છે અને એક વ્યક્તિ મોક્ષ માટે દોડી રહ્યો છે, આમાં તફાવત શું છે? કોઈ પણ તફાવત નથી. મોક્ષ માટે દોડી શકાય જ નહીં. મોક્ષ જે સ્થિર થઇ જાય છે તેને મળે છે. ધન માટે દોડી શકાય કારણ કે ધન એવું છે જે ઊભા રહી જનારને નથી મળતું અને દોડવાવાળાઓને પણ નથી મળી જતું, તો ઊભા રહેનારને મળવાનો કોઈ કારણ નથી.

## ઓશો વાણી

ધન, પદ, યશ આ બધી દોડ છે, મોક્ષ એ દોડ નથી. મોક્ષ સ્થિર થઈ જવું છે, રોકાઇ જવું છે.

એક સાધિકાએ મને આજે જ આવીને કહ્યું કે મને કોઇ અનુભવ નથી થઇ રહ્યો, અનુભવ શા માટે કરવો છે? પ્રકાશ દેખાશે તો શું કંઇ થઇ જશે? કે અંતરમાં રંગ દેખાવા માંડશે તો શું થઇ જશે? અંતરમાંથી કોઇ સુવાસ આવવા લાગશે તો શું થઈ જશે? અથવા તમારા હાથમાંથી વિભૂતિ ખરવા માંડે તો શું થઈ જશે? તમે રોગીને સ્પર્શ કરશો અને તે સ્વસ્થ થઇ જશે તો શું થઈ જશે? આ બધી રમતો સંસારની અને મનની છે. અનુભવની શોધ લોભ છે, આ શોધને સ્વતઃ પડી જવા દો, અનુભોક્તા એ છે જે અનુભવ કરવાવાળો છે તે તેની ઓળખ છે, અનુભવ તો પારકુ છે, બહારની તરફ છે. આધ્યાત્મ એ અનુભવ નથી, આધ્યાત્મનો અનુભવ જેને થાય છે તે તેની સાથે એક થઇ જાય છે, જેની સામે પ્રકાશ પ્રગટ થાય છે અને જેની સમક્ષ સુગંધ વહે છે અને જેની સામે રંગોની વસંત આવે છે અને ઈન્દ્ર ધનુષ ફેલાય છે અને જેના અંતરમાં સંગીત ગુંજવા લાગે

> મોક્ષ જે સ્થિર થઇ જાય છે તેને મળે છે. ધન માટે દોડી શકાય કારણ કે ધન એવું છે જે ઊભા રહી જનારને નથી મળતું અને દોડવાવાળાઓને પણ નથી મળી જતું, તો ઊભા રહેનારને મળવાનો કોઇ કારણ નથી

છે. પરંતુ આ બધુ બાહ્ય જ છે પછી ભલે ને તે ઘટનાઓ આંખ બંધ કરીને ઘટે તો પણ તે બાહ્ય જ છે. આ તમામને જાણવાવાળો તો અંતરમાં બેઠેલો છે. જાણવાવાળો હંમેશા જેને પણ જાણે છે તે અંતરમાં છે, તે પર છે અને જ્યાં સુધી તમે જાણવાવાળામાં સ્થિર ન થઇ જાઓ ત્યાં સુધી તમને આધ્યાત્મનો કોઈ સ્વાદ નહીં મળી શકે, કોઈ બાહ્ય ઉત્તેજના શોધી રહ્યો છે. ચાલો ચલચિત્ર જોઇએ, રેડીઓ સાંભળીએ, કોઇ નાયિકા આવી કોઈ નર્તકી આવી તેને નીહાળીએ, કોઈ બાહ્ય રૂપ રંગ શોધી રહ્યો છે, કોઈ આંતરિક રૂપ-રંગ શોધી રહ્યો છે કે ચાલો કુંડલિનીને જાગૃત કરીએ અંતરનો પ્રકાશ જોઈએ કે આંતરિક આનંદ લઈએ પરંતુ શોધ તો એ જ છે કે કોઈ ઉદ્વેગ, ઉત્તેજના આ બન્ને જ આધ્યાત્મ નથી, આધ્યાત્મ તો એ ચૈતન્યની તે સાક્ષી ભાવની શોધ છે, જ્યાં તમામ અનુભવો સમાપ્ત થઇ જાય છે અને ફક્ત અનુભોક્તા રહી જાય છે જ્યાં બધાં દૃશ્યો ખોવાય જાય છે અને કેવલ દૃષ્ટા / નિહાળનાર જ રહી જાય છે, જ્યાં બધા જ્ઞેય સમાપ્ત થઇ જાય છે અને માત્ર જાણનાર જ શેષ રહી જાય છે તે કેવલ-જ્ઞાનની કૈવલ્યની શોધ જ આધ્યાત્મ છે.

(ઓશો : કઠોપનિષદ પુસ્તકમાંથી, સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે)

# સૂર્યપુત્રો અશ્વિનીકુમારો

સનાતન ધર્મમાં તેત્રીસ કોટી દેવી-દેવતાઓ હોવાની માન્યતા છે. તેત્રીસ કરોડ નહીં પણ તેત્રીસ કોટી એટલે તેત્રીસ પ્રકારનાં દેવી-દેવતાઓ એવો ઉલ્લેખ અનેક વાર થયો છે. એક પ્રકારે અશ્વિનીકુમાર પણ ભગવાન સ્વરૂપે પૂજાય છે અને તેનાં અનેક મંદિરો પણ છે. નાસા અને નાસ્તિકો જેને આકાશગંગાનો ગ્રહ માને છે એવા સૂર્યને આપણે ભગવાન સૂર્યનારાયણ તરીકે પૂજીએ છીએ. આપણા વેદ અને પુરાણોમાં અસંખ્ય કથાઓ, પૌરાણિક અને ધાર્મિક વાતો ભગવાન સૂર્યનારાયણ સાથે જોડાયેલી છે. ઋષિ કશ્યપ અને માતા અદિતિના પુત્ર હોવાને કારણે સૂર્યનારાયણનું એક નામ આદિત્ય પણ છે. દેવશિલ્પી ભગવાન વિશ્વકર્માની પુત્રી સંજ્ઞા સહિત સુવર્ણા, ઉષા અને પ્રત્યુષા સૂર્યનારાયણની પત્નીનાં નામ છે. જો કે સંજ્ઞાનું એક સ્વરૂપ છાયા નામની પણ સૂર્યનારાયણની પત્ની છે. તો સંજ્ઞા એ માતા રાંદલ કે રન્નાદે નામે પણ આપણાં સીમંત, સગાઈ, લગ્ન, પુત્રજન્મ કે ખુશી-માનતાના શુભઅવસરોએ ‘રાંદલ તેડ્યા’ ના પ્રસંગ દ્વારા પૂજાય છે.

સૂર્યપત્ની છાયા લગ્ન પહેલાં જ સૂર્યના સ્વરૂપથી તેને ખૂબ પસંદ કરતી હતી પણ લગ્ન પછી ભગવાન સૂર્યનું તેજ જીરવાતું નહોતું. સહન નહોતું થતું. પણ સૂર્ય પ્રત્યેના પ્રેમથી તેમને છોડવા પણ નહોતી માંગતી તેથી તેણી તેનું જ છાયા સ્વરૂપ પ્રગટ કરી તેને સૂર્યનારાયણની સેવામાં રાખી જંગલમાં તપશ્ચર્યા કરવા નીકળી ગયાં. તપશ્ચર્યા દરમ્યાન પણ ભય સતાવતો હતો કે સૂર્યનારાયણ મારા આ અસલ સ્વરૂપને ઓળખી જશે તો!! એવું વિચારી એ અશ્વનું સ્વરૂપ ધારણ કરી જંગલમાં હરતાં-ફરતાં ચરતાં તપશ્ચર્યા કરતી હતી. છાયાએ એક વખત કોઇ કારણસર ગુસ્સામાં પુત્ર યમરાજાને શ્રાપ આપી દીધો અને સૂર્યનારાયણ એ જોઇ ગયા ત્યારે તેને થયું કે મા તેના પુત્રને કદી શ્રાપ ના આપે આથી તેમણે તપોબળથી જાણી લીધું કે તેની પત્ની સંજ્ઞા નથી પણ તેનું છાયા સ્વરૂપ છે. સંજ્ઞાને શોધવા નીકળ્યા ત્યારે ખબર પડી કે અશ્વ સ્વરૂપે તપ કરે છે. તેથી તેને મનાવવા માટે તે પણ અશ્વનું રૂપ લઇ અશ્વસ્વરૂપની સંજ્ઞા પાસે નૃત્ય કરવા લાગ્યા અને સફળ થયા. આ અશ્વસ્વરૂપના સૂર્યનારાયણના બે સંતાનો એ અશ્વિનીકુમાર નામે પ્રસિદ્ધિ પામ્યા.

સૂર્યનારાયણનાં સંતાનો વિશે પહેલાં જાણી લઈ પછી લેખનું સંધાણ જોડીએ. સંજ્ઞાના પુત્રોમાં શ્રાદ્ધદેવ, વૈવસ્વત મનુ અને બંને અશ્વિનીકુમાર (1) દસ્ય (2) નાસત્ય, છાયાના સંતાનો યમરાજ, યમુના અને શનિદેવ, સુર્વણાના પુત્રો સાવર્ણિ મનુ અને પુત્રી તાપ્તી (તપસ્તી).. સૂર્યપુત્ર કર્ણ એ પણ માતા કુંતીને કુંવારા હતાં ત્યારે મંત્રશકિત દ્વારા પ્રાપ્ત થયેલ હતો. એક ધર્મકથા પ્રમાણે રામભક્ત સુગ્રીવના આધ્યાત્મિક પિતા સૂર્યનારાયણ હતા. સૂર્યનારાયણ સાથે જોડાયેલાં દરેક પાત્રો એટલાં રસપ્રદ છે કે દરેકની અલગ કથા છે અને આખો એક એક લેખ લખી શકાય તેટલું ધર્મસાહિત્ય ઉપલબ્ધ છે. જો કે અહીં વિશેષ રૂપે સૂર્યપુત્ર બંને અશ્વિનીકુમારોને થોડા નજીકથી જાણવાનો સંક્ષિપ્ત પ્રયાસ કરીએ .



## સંસ્કૃતિ દર્શન

સનત દવે

વેદ-પુરાણોમાં વિશેષ સ્વરૂપે ઉલ્લેખિત બંને અશ્વિનીકુમાર આયુવેદાચાર્ય અને દેવી-દેવતાઓના ચિકિત્સક તરીકે વર્ણિત છે. રૂગ્વેદમાં 398 વખત અશ્વિનીકુમારોનો ઉલ્લેખ છે. ઉપરાંત 50થી વધુ રુચાઓ માત્ર અશ્વિનીકુમારની સ્તુતિ માટેની જ છે. સુંદર અને યુવા બંને અશ્વિનીકુમારો વૃદ્ધોને યુવાની આપવા માટે અને અંધોને નેત્ર આપી દેખતા કરવાને શકિતમાન હતા. અશ્વ જેવું મુખ ધરાવતા બંને અશ્વિનીકુમારને મનુષ્યમુખને ઈચ્છા પડે ત્યારે ધારણ કરી શકે એવી શક્તિ હતી. મહાભારતનાં માતા કુંતીને મંત્રશકિતથી પ્રાપ્ત નકુલ અને સહદેવ અશ્વિનીકુમારના પુત્ર હતા. વૈદિકકાળનાં વૈદ્ય, આયુર્વેદાચાર્ય અને શલ્ય ચિકિત્સક એવા બંને કુમારોએ એક સમયે મધુવિદ્યાની પ્રાપ્તિ માટે ઋષિ દધિચીની પરવાનગી સાથે તેનું મસ્તક કાપી અશ્વનું મસ્તક જોડી દીધેલું. ત્યાર બાદ ફરીને અશ્વનું મસ્તક ઉતારીને ફરી ઋષિનું અસલ મસ્તક જોડવાનું કામ કરેલું એવો ઋગ્વેદમાં ઉલ્લેખ છે. વૃદ્ધાવસ્થાને કારણે એ ક્ષીણ થઇ ગયેલા શરીરને ફરીને યૌવન પ્રાપ્ત કરી આપ્યું હતું. તો એક યુદ્ધમાં પગ કપાઇ જતાં વિશ્પલાને લોખંડનો પગ ફીટ કરી આપી બીજા જ દિવસે યુદ્ધમાં જવા સક્ષમ કરી આપી હતી. નપુંસક પતિવાળી વધ્રિમતીને પુત્રપ્રાપ્તિની સારવાર કરવાની એ સમયે સિદ્ધિ પ્રાપ્ત કરનાર અશ્વિનીકુમારોએ અંધ ઋષિ ઋજાશ્વને દ્રષ્ટિ પણ પ્રદાન કરી હતી. બહેરા નાર્ષદને શ્રવણશક્તિ આપી હતી તો સામકને લાંબું આયુષ્ય મળે એવી ઔષધિઓથી સારવાર સાથે વૃદ્ધા અને રોગિષ્ટ ઘોષાને નીરોગી બનાવી તરૂણી બનાવવા સુધીના અનેક વેદ-પુરાણોના ઉલ્લેખો આ સૂર્યપુત્રોને સફળ શલ્ય ચિકિત્સક હોવાનો પુરાવો આપે છે.



ત્રણ પાનનો વડ - સુરત



અશ્વિનીકુમારેશ્વર મહાદેવ મંદિર -કાશી

બંને અશ્વિનીકુમારોમાં એક નાતસ્યના વિવાહ શિવ-પાર્વતીની એક પુત્રી જયોતિ સાથે થયા હતા અને સત્યવીર નામનો એક પુત્ર પણ હતો તો બીજા દસ્રના વિવાહ ચિત્રરથની પુત્રી માયાન્દ્રી સાથે થયા હતા. તેના પુત્રનું નામ દમરાજ હતું.

ભગવાન સૂર્યનારાયણના પરિવારનો સુરત નગરી સાથે પૌરાણિક કાળથી ઘનિષ્ટ નાતો છે. સુરતનું મૂળનામ સૂર્યપુર હતું. સુરત મધ્યે વહેતી સરિતા સૂર્યપુત્રી તાપ્તીના નામે પ્રસિદ્ધ છે. તાપ્તીકાંઠાનો એક રસ્તો અશ્વિનીકુમાર રોડ કહેવાય છે. તો અશ્વિનીકુમાર ઘાટ અને અશ્વિનીકુમાર સ્મશાનગૃહ પણ અહીં છે. અશ્વિનીકુમાર મંદિર તાપ્તીકાંઠે આવેલ છે જે ચારધામ મંદિર તરીકે પણ ખ્યાત છે. અહીં આજના વિજ્ઞાનને અને કહેવાતા આધુનિક યુગના જ્ઞાતાઓને પણ વિચારતા કરી મૂકે એવો ત્રણ પાનનો વડ છે. મહાભારતના સમયથી અડીખમ માત્ર આ ત્રણ પાનના વડની આશ્ચર્ય ઉપજાવે એવી હકીકત એ છે કે ચોથું પાન ફૂટે અને મોટું થાય તે દરમ્યાન એક પાન ખરી પડે છે. એની પણ વાત સૂર્યપુત્ર કર્ણ જોડે જોડાયેલી છે. યુદ્ધમાં અંતિમ શ્વાસ લઈ રહેલા દાનવીર બહાદુર કર્ણે એવી ઈચ્છા પ્રગટ કરેલી કે કુંવારી માતાનું સંતાન છું તો કુંવારી ભૂમિ પર મારા અંતિમ સંસ્કાર કરજો. શોધના અંતે તાપ્તીતટનો કિનારો કુંવારી ભૂમિ છે એવું શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે અહીં તેમનો અંતિમ સંસ્કાર કરીને એ ઘટનાનાં સાક્ષી રૂપે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના પ્રતીક સમા ત્રણ પાનનો વડ શ્રીકૃષ્ણે રોપ્યો હતો. જે અજાયબીના આજે પણ દર્શનાર્થે લોકો દૂર દૂરથી આવે છે.

અશ્વના મુખવાળા અશ્વિનીકુમારોની વાત સાથે અશ્વના મુખવાળા ભગવાન વિષ્ણુના 24 અવતારોમાંના એક 16મા અવતાર ભગવાન હયગ્રીવનો પણ ઉલ્લેખ એટલા માટે કરીએ છીએ કે ગઇકાલે અખાત્રીજના દિવસે જ તેનો પ્રાક્ટયોત્સવ હતો. એક સમયે બ્રહ્માજી પાસેના બે વેદને મધુ-કૈટભ નામના બે દૈત્યો ચોરી ગયા. જગતની રચનામાં વેદો અનિવાર્ય હતા. તેથી કોઈ દેવતા કે મનુષ્ય મારી ના શકે એવા મેળવેલા અભયવચનને કારણે ભગવાન વિષ્ણુએ અશ્વના મુખવાળા હયગ્રીવનો અવતાર લઈ મધુ તથા કૈટભનો વધ કરી વેદો મેળવીને બ્રહ્માજીને પરત કર્યા હતા એવી એક ધર્મકથા છે.

> અહીં આજના વિજ્ઞાનને અને કહેવાતા આધુનિક યુગના જ્ઞાતાઓને પણ વિચારતા કરી મૂકે એવો ત્રણ પાનનો વડ છે. મહાભારતના સમયથી અડીખમ માત્ર આ ત્રણ પાનના વડની આશ્ચર્ય ઉપજાવે એવી હકીકત એ છે કે ચોથું પાન ફૂટે અને મોટું થાય તે દરમ્યાન એક પાન ખરી પડે છે

ભગવાન અશ્વિનીકુમારના સુરત સિવાય પણ હરિયાણામાં જીંદ જિલ્લાના આસન ગામ ખાતે એક મોટું મંદિર છે જેમાં બંને અશ્વિનીકુમારની પ્રતિમાઓ સ્થાપિત છે. આ તીર્થધામમાં સ્નાન કરવાથી સ્વાસ્થ્ય સુરક્ષિત રહે છે એવી અહીં માન્યતા છે. અશ્વિની નક્ષત્ર સાથે જોડાયેલું એક મંદિર તામિલનાડુના તિરુવસર જિલ્લાના તિરપુરાઈપૂંડી ગામના શ્રી પિરાવી મરૂન્ડેશ્વર નામથી આવેલ છે. તો કાશીમાં પણ અશ્વિનીકુમારોએ સ્થાપેલ એક મહાદેવ મંદિર અશ્વિનીકુમારેશ્વર મહાદેવ મંદિરથી વિખ્યાત છે.

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૬૦

# નિરોધ લીલા

અસ્ખલિત ઐશ્વર્યવાળા અને લીલા માટે મનુષ્ય બાળક બનેલા ભગવાન શ્રીહરીના મુખમાં બ્રહ્માંડના દર્શન કરી જયારે યશોદાજીએ ઈશ્વરતત્ત્વ જાણ્યું, ત્યારે વ્યાપક પરમેશ્વર શ્રીકૃષ્ણે પછી તરત જ પુત્ર તરીકેની સ્નેહભરી વૈષ્ણવી માયા તેમના પર ફરી પાછી ફેલાવી દીધી અને એટલે તરત યશોદાજીને વિશ્વદર્શનરૂપી આત્મતત્ત્વ તત્કાળ વિસરાઈ ગયું. હવે તેમને વિમુખજન-મોહિકા માયા ઉત્પન્ન થઈ. તેઓ પહેલાની જેમ જ એક માતા તરીકે પુત્રને ખોળામાં બેસાડી અત્યંત સ્નેહથી વ્યાપ્તવાળા હૃદયવાળા થયાં. જેમના મહાત્મ્યને કર્મકાંડરૂપ વેદો ઈન્દ્રિયાદિ સ્વરૂપે, ઉપનિષદો બ્રહ્મસ્વરૂપે, સાંખ્યશાસ્ત્રો પુરુષસ્વરૂપે, યોગશાસ્ત્રો પરમાત્માસ્વરૂપે તથા ભક્તજનો ‘ભગવાન’એ શબ્દથી ગાય છે અને આનંદ પામે છે તે ભગવાનને, યશોદાજી હવે ફરીથી ફક્ત પોતાનો પુત્ર માનવા લાગ્યા.

શ્રીકૃષ્ણે માટી કેમ ખાધી તેના અનેક તર્કો છે. એક તર્ક પ્રમાણે જેમ ગંગાજી એ પાણી નથી, તુલસી એ ઝાડ નથી તેમ વ્રજની માટી એ માટી નથી પરંતુ વ્રજ-રજ છે. પૂતનાએ અનેક બાળકોને માર્યા હતા. જયારે શ્રીકૃષ્ણે પૂતનાનું સ્તનપાન કર્યું ત્યારે તેના દૂધ થકી અનેક બાળકો તેમના પેટમાં આવેલા. અવિદ્યાના (પૂતના) સંસર્ગમાં આવેલા જીવોનો ઉદ્ધાર સંતની ચરણરજ વગર થતો નથી. આ ઉપરાંત ગોકુળમાં અનેક ઋષિઓ ગાયો થઈને આવેલા. શ્રીકૃષ્ણે વિચાર્યું કે જો આ ઋષિઓના ચરણની રજ (એટલે કે ઋષિઓ રૂપી ગાયોના ચરણ જેમાં પડ્યા છે તે ચરણરજ), હું પેટમાં ઉતારું તો મારા ઉદરમાંના જીવોનો ઉદ્ધાર થશે એટલે તે જીવોનો ઉદ્ધાર કરવા તેમણે માટી ખાધી.

ગોકુળની પાસે યમુના કિનારે જ્યાં શ્રીકૃષ્ણે માટી ખાધી હતી અને માતાજીને મુખમાં બ્રહ્માંડના દર્શન કરાવ્યા હતા તે ઘાટ આજે ‘બ્રહ્માંડઘાટ’ તરીકે ઓળખાય છે. કહેવાય છે કે આ બ્રહ્માંડઘાટની માટી મીઠી હોય છે. યાત્રાળુઓને આ માટી જ ‘ચરણામૃત’ તરીકે આપવામાં આવે છે.

ખૂબ જ નિશ્ચયપૂર્વક એ વાત સ્વીકારી શકાય કે યશોદાએ અનેક પુણ્ય કર્મ કર્યાં હશે, કે જેના ફળસ્વરૂપ પરમસત્ય ભગવાન તેમના પુત્રરૂપે પ્રાપ્ત થયા હતા. એટલું જ નહિ પરંતુ તેમણે યશોદાજીનું સ્તનપાન પણ કર્યું. આ જ રીતે નંદજીએ પણ અનેક મહાનયજ્ઞ અને પુણ્યકર્મો કર્યાં હશે, કે જેથી ભગવાન તેમના પુત્ર બન્યા અને તેમને પિતા તરીકે સંબોધન કરતા હતા.

જો કે એક આશ્ચર્યની વાત એ પણ છે કે શ્રીકૃષ્ણનાં ખરા માતા-પિતા દેવકી અને વસુદેવ તો બાળકૃષ્ણની દિવ્ય લીલાઓથી વંચિત રહ્યાં હતાં. આના કારણમાં શ્રીમદ ભાગવતમાં શુકદેવજી સમજાવે છે કે જયારે બ્રહ્માજીએ ‘દ્રોણ’ નામના સર્વશ્રેષ્ઠ વસુને તેની પત્ની ‘ધરા’ સાથે સંતાનવૃદ્ધિ કરવાનો આદેશ આપ્યો. (અગાઉના લેખોમાં મહાવિષ્ણુનો આ ધરતી પર કૃષ્ણ તરીકે અવતાર લેવાના કારણમાં પણ આ ઉલ્લેખ કર્યો છે) ત્યારે તેમણે બ્રહ્માજીની પ્રાર્થના કરી એમની પાસે



આશીર્વાદ માંગ્યા હતા કે જયારે અમે પાછો જન્મ ધારણ કરીએ ત્યારે ભગવાન શ્રીહરિમાં અમારી એવી પરમ ભક્તિ થાય, કે જેના વડે પ્રત્યેક મનુષ્ય જન્મ તથા મૃત્યુના અવિદ્યારૂપી સાગરને અમે પાર કરી શકીએ. તેઓ એમના અત્યંત મનોહર બાળપણ અને લીલાઓ દ્વારા અમારું ધ્યાન આકર્ષિત કરે. બ્રહ્માજીએ આ પ્રમાણે વચન આપ્યું અને તેના ફળસ્વરૂપ ભગવાને ગોકુળમાં જન્મ લઇ વૃન્દાવનમાં નંદમહારાજ અને યશોદાજીને પિતા અને માતા તરીકે સ્વીકાર્યા અને નંદ તથા યશોદાએ શ્રી હરિને પ્રાપ્ત કરીને પોતાની શુદ્ધ ભક્તિ કરી. આ ઉપરાંત તમામ ગોપીઓ અને ગ્વાળો કે જેઓ શ્રીકૃષ્ણના સહયોગી હતા તેમનામાં પણ આ પ્રેમભાવના સાહજિક રીતે જ વિકસિત થઈ. કૃષ્ણકીર્તન, કૃષ્ણલીલા અને કૃષ્ણકથામાં એવી શક્તિ છે કે અનાયાસે જગત પણ ભુલાઈ જાય છે અને સર્વમાં શ્રીકૃષ્ણના જ દર્શન થાય છે. સાચો આનંદ જગતમાં નથી પરંતુ જગતને ભૂલી જવામાં છે. જગતના ભોગ પદાર્થો ભોગવવાની વાસના જયારે સમાપ્ત થઇ જાય, મન સંસારના વિષયોમાંથી જયારે ખસી જાય, સેવા કરે, દીન થઈને પ્રભુ પાસે રડી પડે ત્યારે કોઈ પણ જીવો પ્રત્યે વિરોધ રહેતો નથી અને અનાયાસે જીવને મુક્તિ મળે છે. પરમાત્મા પીગળે છે અને વિશિષ્ટ કૃપા કરે છે. જે જીવ પર આવી વિશિષ્ટ કૃપા થાય તે જ મુક્તિ પાત્ર બને છે. મરણ થયા પછી મુક્તિ મળે તેમ ઘણા સમજાવે છે પરંતુ તેનું પ્રમાણ શું? જેને આવી મુક્તિ મળે તે કહેવા આવતો નથી કે તેને મુક્તિ મળી છે. માટે જ મહાજ્ઞાનીઓ શ્રીમદ ભાગવતમાં દર્શાવેલી આ મરણ પહેલાંની પ્રભુની વિશિષ્ટ કૃપા થકી મુક્તિને ‘જીવન મુક્તિ’ કહે છે. અહીં ‘જગતની વિસ્મૃતિ અને ઈશ્વરમાં અખંડ આસક્તિ એટલે જ નિરોધ’. પ્રભુના હૃદયમાં જઈને રહેવું કે પ્રભુને હૃદયમાં રાખવા તે નિરોધ છે. માટે શ્રીકૃષ્ણની ‘જીવનમુક્તિ’ આપતી આ તમામ લીલાઓ ‘નિરોધલીલા’ તરીકે ઓળખાય છે. શ્રીમદ ભાગવત (૧૦.૮.૩૦ થી ૪૩) પ્રમાણે આ લીલાનું અધ્યાત્મ સમજીએ, તો આપણું અંતઃકરણ દશ ઈન્દ્રિય અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર મળીને ૧૪ તત્ત્વોનું બનેલું હોવાથી, આ લીલામાં કુલ ૧૪ શ્લોકનું વર્ણન છે. જેમાં ૧૧ શ્લોક નીચે મુજબ સમજ આપે છે. ૧. બાળકોના અજ્ઞાનથી ભગવાને માટી ખાધી છે તેવી સમજ થઇ તે દોષ. ૨. દોષની નિવૃત્તિ માટે પ્રયત્ન. ૩. યશોદાજીનું વાક્ય. ૪. ભગવાનનો ઉત્તર. ૫. દોષ નથી તે પ્રત્યક્ષ કરાવવું. ૬. ખોટા જ્ઞાનને દૂર કરવું. ૭. આ જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે તેવું બતાવવા માટે વિષયનું વર્ણન કરવું. ૮. એનાથી યશોદાજીને ભય ઉત્પન્ન થયો (સ્વ-મોહિકા માયા) ૯. તેની નિવૃત્તિ માટે પૂર્વપક્ષની યુક્તિઓ કહી (સ્વજન-મોહિકા માયા). ૧૦. ત્યાર બાદ સિદ્ધાંત સમજાયો અને સ્થિરતા થઈ. ૧૧. ભય પામી યશોદાજી ભગવાનના શરણે થયા, અને ત્રણ વેદો, ઉપનિષદો, સાંખ્ય, યોગ વગેરે જેમના મહાત્મ્યનું ગાન કરે છે તેવા ઈશ્વર પોતાના પુત્ર છે તેવું માનવા લાગ્યા.

> જગતના ભોગ પદાર્થો ભોગવવાની વાસના જયારે સમાપ્ત થઇ જાય, મન સંસારના વિષયોમાંથી જયારે ખસી જાય, સેવા કરે, દીન થઈને પ્રભુ પાસે રડી પડે ત્યારે કોઈ પણ જીવો પ્રત્યે વિરોધ રહેતો નથી અને અનાયાસે જીવને મુક્તિ મળે છે

## અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

(ક્રમશઃ)